# શ્રમ અદાલત નં.૧ વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે.ઠાકર સમક્ષ.

**રેફરન્સ(એલ.સી.વી.) નં. ૫૪૯/૨૦૧૩**
**આંક:-૧૮**

**પ્રથમ પક્ષકાર:-** **(૧) મેનેજરશ્રી,**
**સિમેન્સ લી.**
માણેજા, વડોદરા.

**(૨) હાઉસકેટ સર્વિસીસ**
૮-સાંઈ વિહાર ફતેગંજ, વડોદરા.

**(૩) સંજય મેઈન્ટેનેન્સ સર્વિસીસ**
આકાશ દીપ સોસાયટી પ્રગતિ બેન્ક નજીક
હાઈટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા.

**-:: વિ રુ ધ્ધ ::-**

**બીજા પક્ષકાર:-** **શ્રી રાજુભાઈ વિનોદભાઈ હરીજન**
૮/૦. બરોડા લેબર યુનિયન, જી. ૪૭૨૪
૪૦૭, સીટી પ્લાઝા, મધ્યવર્તી સ્કુલ સામે,
દાંડીયાબજાર, વડોદરા.

હાજર રહયા:- પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ.વ. શ્રી એમ.સી.મહેતા
પ્રથમ પક્ષકાર નં.ર તથા ૩ તરફે : ગેરહાજર.
બીજા પક્ષકાર : વિ.યુ.પ્ર.શ્રી એમ.વી.જાદવ

**-:: એ વો ર્ડ ::-**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીના તારીખ: ૨૧/૦૯/૨૦૧૩ ના હુકમ નંબર - કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./૨૮૦૬૬ થી શ્રી રાજુભાઈ વિનોદભાઈ હરીજનને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ? તેનો ન્યાય નિર્ણય કરવા માટે અત્રેની અદાલતને રીફર કરવામાં આવેલ છે.

**(૨)** રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે આવ્યા બાદ નોટીસ બજતા, આંક-૪ થી બીજા પક્ષકારે માંગણા નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર સફાઈ કામદાર

તરીકે તા.૬/૫/૨૦૧૦ના રોજથી દૈનિક રૂા.૨૦૫/–ના પગારથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં પ્રથમ પક્ષકારો નં.૨ અને ૩ના નિયમિતપણે ગેરકાયદેસર રીતે ઉભા કરવામાં આવેલા કોન્ટ્રાકટના વહીવટતળે કામ કરતા હતા. બીજા પક્ષકાર સમાજના નીચલા વર્ગમાંથી આવતા હોવાથી અભણ અજ્ઞાન હોઈ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા અસ્તિત્વમાં આવી શરૂઆત થઈ ત્યારથી સંસ્થા ધ્વારા બીજા પક્ષકારની નિમણુક કરી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના કામદાર હોવાનું મેનેજમેન્ટે જણાવી કામ ઉપર રાખેલા. પરંતુ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની મેનેજમેન્ટ ધ્વારા બીજા પક્ષકારની નોકરીને કોઈ આંચ નહી આવે કે કાયદેસરના તમામ કાયમી પ્રકારના લાભો હકકો મળી રહેશે તેવું આશ્વાસન આપતા તેઓ જયારથી જોડાયેલ ત્યારથી છુટા કર્યા સુધી નિયમિતપણે સળંગ ફરજ બજાવવાનું ચાલુ રાખેલ. બીજા પક્ષકારની નિમણુક મૌખિક હુકમથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ધ્વારા જ કરવામાં આવેલી તથા તેઓના કામની દેખરેખ સોંપણી વહીવટી બાબતો પ્ર થમ પક્ષકાર નં.૧ સંસ્થાની મેનેજમેન્ટને હસ્તગત હતી. બીજા પક્ષકારની ફરીયાદો તથા માંગણીઓ મુકતા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ધ્વારા કોઈપણ પ્રકારના કાયદેસરના કાયમી લાભો ચુકવવા ન પડે તે હેતુથી પ્ર થમ પક્ષકાર નં.૧ સંસ્થામાં તદ્દન નવો કોન્ટ્રાકટ મુકી દઈને તા.૧/૩/૨૦૧૩ના રોજથી બીજા પક્ષકાર તથા તેઓની સાથેના અન્ય કામદારોને મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલા. આમ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનો બીજા પક્ષકારને તા.૧/૩/૨૦૧૩ના રોજથી મૌખિક હુકમથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસરનો ઠરાવી બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર અને મળવાપાત્રના કાયમી પ્રકારના તમામ લાભો સહિત સળંગ નોકરી ગણી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં પુન:સ્થાપિત કરવા તથા રેફરન્સનો ખર્ચ રૂા.૧૫,૦૦૦/– અપાવવા અરજ કરેલ છે.

(૩) બીજા પક્ષકારના માંગણા નિવેદનનો પ્રથમ પક્ષકાર નં.૧એ આંક–૬ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં એવો બચાવ લીધેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ના કામદાર નથી. બીજા પક્ષકાર કામદારની વ્યાખ્યામાં આવતા નથી. બીજા પક્ષકારના આ કેસને એસ્ટોપલનો ભાર નડે છે. નામદાર કોર્ટને આ કેસ ચલાવવાનું જયુડીકશન નથી. પ્રથમ પક્ષકાર નં.૧નો એવો પણ બચાવ છે કે, બીજા પક્ષકાર કોન્ટ્રાકટરના કામદાર છે અને તેઓને કોન્ટ્રાકટરએ કામ પર રાખ્યા છે. તેઓ પ્રથમ પક્ષકાર કંપનીના કાયમી કામદાર નથી. બીજા પક્ષકારની નિમણુક પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ધ્વારા કરવામાં આવેલી હતી.

(૪) પ્રથમ પક્ષકાર નં.૨ અને ૩ તરફે કોઈ વિ.વ.શ્રી હાજર રહેલ નહી કે જવાબ રજુ કરેલ નથી.

(૫) બીજા પક્ષકાર તરફે આંક–૧૨ થી સોગંદનામું રજુ કરેલ અને પ્રથમ પક્ષકાર નં.૧ના વિ.વ.શ્રી એમ.સી.મહેતા ધ્વારા બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવામાં આવેલ.

(૬) બીજા પક્ષકાર તરફે આંક–૧૦થી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| નિશાની | દસ્તાવેજની વિગત. | તારીખ |
|---|---|---|
| ૧૦/૧ | બીજા પક્ષકારને આપેલ ઓળખકાર્ડ સંજય મેન્ટેનન્સ સર્વિસીઝ | ૧/૧/૨૦૧૨ |
| ૧૦/૨ | બીજા પક્ષકારની પગાર સ્લીપ | ડીસેમ્બર–૨૦૧૦ |
| ૧૦/૩ | બીજા પક્ષકારની પગાર સ્લીપ | ફેબ્રુઆરી–નવેમ્બર–૨૦૧૧ |
| ૧૦/૪ | બીજા પક્ષકારની પગાર સ્લીપ | મે–નવેમ્બર–૨૦૧૨ |
| ૧૦/૫ | બીજા પક્ષકારની પગાર સ્લીપ | જાન્યુ–૨૦૧૩ |
| ૧૦/૬ | બીજા પક્ષકારની પગાર સ્લીપ | ફેબ્રુઆરી–૨૦૧૩ |

(૭) પ્રથમ પક્ષકાર નં.૧ તરફે આંક–૭ થી નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

| નિશાની | દસ્તાવેજની વિગત. | તારીખ |
|---|---|---|
| ૭/૧ | પ્રથમ પક્ષકાર નં.૧નું કોન્ટ્રાકટ લેબર એકટ નીચેની નોંધણીનું પ્રમાપપત્રની નકલ | – |
| ૭/૨ | પ્રથમ પક્ષકાર નં.૧નાએ આપેલ વર્ક ઓર્ડર/કોન્ટ્રાકટની નકલ | ૨૭/૧/૧૦ |
| ૭/૩ | પ્રથમ પક્ષકાર નં.૧નાએ આપેલ વર્ક ઓર્ડર/કોન્ટ્રાકટની નકલ | ૩૦/૬/૧૧ |
| ૭/૪ | પ્રથમ પક્ષકાર નં.૧નાએ આપેલ વર્ક ઓર્ડર/કોન્ટ્રાકટની નકલ | ૧૫/૩/૧૨ |
| ૭/૫ | પ્રથમ પક્ષકાર નં.૨ના કોન્ટ્રાકટ લેબર એકટ નીચેના લાઈસન્સની નકલ | ૧/૧૦/૦૭ |

સદર કામે પ્રથમ પક્ષકાર નં. ૨ તથા ૩ તરફે કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૮) સદર કામમાં બીજા પક્ષકાર તરફે આંક–૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. જયારે સામાવાળા નં.૧ તરફે આંક–૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

(૯) બીજા પક્ષકાર તરફે આંક–૧૭ થી દલીલો રજુ રાખેલ છે. જયારે સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૧૦) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાને ધ્યાને લઈ, હાલના રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે ?

મુદદા નં.૧. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકારનાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે?

મુદદા નં.૨. શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે ?

મુદદા નં.૩. આખરી શું હુકમ ?

ઉપરોકત મુદદાના અત્રેની અદાલતના નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદદા નં.૧. હકારમાં

મુદદા નં.ર. અંશત: હકારમાં

મુદદા નં.૩. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**(૧૧) <u>મુદદા નં.૧અને ર :-</u>**

આ કામે હાથ પરનો કેસ અને પડેલા પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો, બીજા પક્ષકારની એવી રજુઆત છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં તા.૦૬/૦૫/ર૦૧૦ના રોજ દૈનિક પગાર રૂા.ર૦૫/- થી પ્રથમ પક્ષકાર નં.ર અને ૩ના ગેરકાયદેસર ઉભા કરેલ કોન્ટ્રાકટમાં કામ કરતા હતા. શરૂઆતથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ધ્વારા અમારી નિમણુક કરી અને સંસ્થાના કામદાર હોવાનું જણાવી મેનેજમેન્ટે કામ પર રાખેલા. અનફેર લેબર પ્રેકિટસ આચરી કોન્ટ્રાકટરના મસ્ટર ઉપર મુકી કોન્ટ્રાકટરના કર્મચારી હોવાનું પ્રસ્થાપિત કરવાની કોશીસ કરેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ ધ્વારા તેઓના કાયમી પ્રકારના લાભોને કોઈ આંચ નહી આવે તેવું આશ્વાસન આપવામાં આવેલ. બીજા પક્ષકારની નિમણુક મૌખિક હુકમથી પ્રથમ પક્ષકાર નં.૧ ધ્વારા કરવામાં આવેલી અને તેઓને કામની સોંપણી અને દેખરેખ પણ પ્રથમ પક્ષકાર નં.૧ કરતી હતી. બીજા પક્ષકારની તા.૧/૩/ર૦૧૩ના રોજ મૌખિક હુકમથી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર નં.૧નું કૃત્ય ગેરકાયદેસરનું છે.

જયારે પ્રથમ પક્ષકાર નં.૧નો બચાવ એવો છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ના કામદાર નથી. બીજા પક્ષકાર કામદારની વ્યાખ્યામાં આવતા નથી. બીજા પક્ષકારના આ કેસને એસ્ટોપલનો ભાર નડે છે. નામદાર કોર્ટને આ કેસ ચલાવવાનું જયુડીકશન નથી. પ્રથમ પક્ષકાર નં.૧નો એવો પણ બચાવ છે કે, બીજા પક્ષકાર કોન્ટ્રાકટરના કામદાર છે અને તેઓને કોન્ટ્રાકટરએ કામ પર રાખ્યા છે. તેઓ પ્રથમ પક્ષકાર કંપનીના કાયમી કામદાર નથી. બીજા પક્ષકારની નિમણુક પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ધ્વારા કરવામાં આવેલી હતી. આ કામમાં પ્રથમ પક્ષકાર નં.ર અને ૩ તરફે હાજર થઈ કોઈ બચાવ કરેલ નથી. આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૧૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તેઓની મુખ્ય દલીલો છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે યુનિફોર્મ આપેલ અને તેમને ફરજ ઉપર રાખેલ હતા તેમજ આંક-૭ના દસ્તાવેજ પરથી સ્પષ્ટ થાય છે કે, પ્રથમ પક્ષકાર નં.ર કોન્ટ્રાકટરનુ લાયસન્સ તા.૩૦/૯/ર૦૧રના રોજ સુધીનું હતું. પ્રથમ પક્ષકાર નં.૩ સંજય મેન્ટેનન્સ સર્વિસ કોન્ટ્રાકટ એકટ હેઠળ લાયસન્સ મેળવેલ હોય તે આ કામમાં રજુ રાખેલ નથી. સને-ર૦૦૮ થી ર૦૧૩ના સમયે દસ કરતા વધુ કામદાર રાખવા હોય તો લાયસન્સ લેવું

જરૂરી હતું. પ્રથમ પક્ષકાર નં.૧ અને સંજય મેન્ટેનન્સ વચ્ચે કોન્ટ્રાકટ બાબતે કરાર કરેલ હોય કે પરચેઝ ઓર્ડર હોય તેવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર કંપનીએ ૩/૩/૨૦૧૬ના રોજ કોન્ટ્રાકટ લેબર એબોલીશન એન્ડ રેગ્યુલેશન એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે અને તે આંક-૧૦/૧ થી રજુ કરેલ છે. તેથી જ ૩/૩/૨૦૧૬ પહેલાના તમામ કોન્ટ્રાકટરો શામ, બોગસ અને કેમોફલેજ છે. ના.મજુર કમિશ્નરશ્રી પાસેથી આર.ટી.આઈ. હેઠળ મળેલ માહિતીમાં આંક-૯માં જણાવેલ છે કે, કંપનીમાં ૨૦૧૩માં ૪૮૫ જેટલા કોન્ટ્રાકટના કામદારો કામ કરેલ છે. ૧૮ કોન્ટ્રાકટરો છે. હાલમાં પણ કોન્ટ્રાકટના ૫૦૦ જેટલા કામદારો કામ કરે છે. નવા કોન્ટ્રાકટર આઈ.એસ.એસ. ઈન્ટીગ્રેટેડ સર્વિસ પાસે ૧૧/૫/૨૦૧૩ સુધી કોઈ લાયસન્સ ન હતું. સદર રેફરન્સના કામે એકપણ કોન્ટ્રાકટરે હાજર રહી, જવાબ રજુ કરેલ નથી. કોઈ દસ્તાવેજો કે કાગળો રજુ કરેલ નથી. કામદારોએ સ્પષ્ટ જણાવેલ છે કે કામદારો પ્રથમ પક્ષકાર નં.૧ સીમેન્સ લી. કંપનીમાં કામ કરતા હતા. કોન્ટ્રાકટરના પગાર પત્રક કે હાજરી પત્રક રજુ કરેલ નથી. તેથી જ આ કામદારો તા.૩૦/૯/૨૦૧૨ થી છુટા થયા ત્યાં સુધી સીધા પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીના કામદારો હતા અને છુટા થતી વખતે જે માલિક હોય તેની ઉપર જ પુન:સ્થાપિતનો હુકમ થવો જોઈએ તેવા નામદાર હાઈકોર્ટના ચુકાદા છે. સંજય મેન્ટેનન્સનો કોન્ટ્રાકટ સંપુર્ણ પણે બોગસ અને ઉપજાવી કાઢેલ એટલે કે શામ અને બોગસ હતો. કાગળ ઉપરની પણ કોઈ અરેજમેન્ટ(કેમોફલેજ) પણ ન હતી.

આ કામે બીજા પક્ષકાર તેઓએ માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, તેઓની નિમણુક પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા ધ્વારા મૌખિક હુકમથી કરેલ છે. એ વાત ખરી નથી કે, અમે કોન્ટ્રાકટર મારફતે કંપનીમાં કામ કરતા હતા. મને નોકરીએ રાખેલ હોય તે બાબતનાં પુરાવામાં હાલના કામમાં આંક-૧૦ થી રજુ કરેલ દસ્તાવેજ સીવાય બીજો કોઈ દસ્તાવેજ નથી. મને નિ.૧૦/૧ બતાવવામાં આવે છે તે મારું આઈકાર્ડ છે અને તેમાં સંજય મેઈન્ટેનન્સનો સીકકો છે. મને નિ. ૧૦/૨ અને ૧૦/૩ બતાવવામાં આવે છે તે હાઉસકેર સર્વિસની પગાર પાવતી છે. તે પ્રમાણે નિ.૧૦/૪, ૧૦/૫ અને ૧૦/૬ બતાવવામાં આવે છે, તે સંજય મેઈન્ટેનન્સ સર્વિસ પ્રા. લી. નાએ આપેલ પગાર પાવતી છે. મેં આ સીવાય બીજો કોઈ કેસ કરેલ નથી. કંપનીનાં અધિકારી અમાર ઉપર દેખરેખ રાખતા હતા તે બતાવતો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી નથી કે, કંપનીમાં કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ પુરો થતાં કોન્ટ્રાકટરે મને છુટો કરેલ. હાલમાં હું સોસાયટીમાં સાફસફાઈ કરી મારું ગુજરાન ચલાવું છું. મેં નોકરી મેળવવા કોઈ અરજી કરેલ નથી. મને સોસાયટીમાંથી રૂા.૬,૦૦૦/- પગાર મળે છે. આ કામે બીજા પક્ષકારની એ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે તેઓની નિમણુક પ્રથમ પક્ષકાર નં.૧એ કરેલ. પરંતુ રેકર્ડ પરના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ અને ૩ના ત્યાં આ કોન્ટ્રાકટમાં ફરજ બજાવતા હતા. વધુમાં,

બીજા પક્ષકાર સંપૂર્ણ બેકાર હોય તેવું રેકર્ડ પરના પુરાવાથી જણાતુ નથી. આમ, મુદ્દા નં.૧નો જવાબ હકારમાં અને મુદ્દા નં.૨નો જવાબ અંશત: હકારમાં આપી, મુદ્દા નં.૩ જવાબ આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ(એલ.સી.વી.) નં. ૫૪૯/૨૦૧૩ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ અને ૩ના પડેલા દિવસોના ૧૦% બેકવેજીસ સાથે પુન:સ્થાપિત કરવા.

(૩) પ્રથમ પક્ષકાર નં.૧ સામે કોઈ દાદ આપવામાં આવતી નથી.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**(ધીરેન જગદીશભાઈ ઠાકર)**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત (નં.૧), વડોદરા.**
**કોડ નં. જી.જે.૦૦૭૪૮**

**તારીખ : ૦૮/૧૧/૨૦૨૪**
**સ્થળ : વડોદરા.**
જે.એમ.ગાંધી